# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-11-2024 Morning : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

- દેશમાં ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી અંતર્ગત આ સત્રમાં સરકારે 120 લાખ મેટ્રિક ટનથી વધુ ડાંગરની ખરીદી કરી
- મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ અને કોંગ્રેસ અધ્યક્ષ મલિકાર્જુન ખડગે આજે પાર્ટીનો ઢંઢેરો-ઠરાવ પત્ર બહાર પાડશે.
- ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં
- કેનેડા સરકારે તેના સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ-SDS વિઝા પ્રોગ્રામને બંધ કરવાની જાહેરાત કરી
- પ્રખ્યાત ભારતીય સંગીતકારો રિકી કેજ અને અનુષ્કા શંકર 67માં ગ્રેમી એવોર્ડ્સ માટે નામાંકિત
- ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચની T-20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે સાંજે ગકેબરહા ખાતે રમાશે..

. *****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GOVT--PADDY-PROCUREMENT.RTF

દેશમાં ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી અંતર્ગત આ સત્રમાં સરકારે 120 લાખ મેટ્રિક ટનથી વધુ ડાંગરની ખરીદી કરી છે. પંજાબમાં 6 લાખ 58 હજાર ખેડૂતોને ડાંગરની ખરીદીનો ફાયદો થયો છે. તેમને 27 હજાર 995 કરોડ રૂપિયાની લઘુત્તમ સમર્થન કિંમત-એમએસપી ચૂકવવામાં આવી છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે કહ્યું કે ગ્રેડ 'A' ડાંગર માટે ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. તે માત્ર 2,320 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદવામાં આવે છે. પંજાબ સરકારે ડાંગરની લણણીનું કામ ચાર હજાર 743 મિલોને ફાળવ્યું છે, જેના માટે કુલ ચાર હજાર 839 ડાંગર મિલોએ અરજી કરી છે. કેન્દ્ર સરકારે વર્તમાન ખરીફ ઋતુ માટે ડાંગરની ખરીદીનો અંદાજિત લક્ષ્યાંક 185 લાખ મેટ્રિક ટન રાખ્યો છે.

# AMIT-SHAH---BJP-MANIFESTO.RTF

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મુંબઈમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીનો ઢંઢેરો-ઠરાવ પત્ર બહાર પાડશે. આ સમય દરમિયાન તેઓ ઉત્તર મહારાષ્ટ્ર અને વિદર્ભ ક્ષેત્રમાં જલગાંવ, બુલદાણા અને અમરાવતીમાં ત્રણ રેલીઓને પણ સંબોધિત કરશે.

# MAHA.-ELECTION.RTF

કોંગ્રેસ અધ્યક્ષ મલિકાર્જુન ખડગે આજે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે મહા વિકાસ અઘાડીનો ઢંઢેરો રજૂ કરશે. AICCના મહાસચિવ કેસી વેણુગોપાલ, AICC મહારાષ્ટ્રના પ્રભારી રમેશ ચેન્નીથલા, MPCC પ્રમુખનાના પટોલે, કોંગ્રેસ ધારાસભ્ય નેતા બાલાસાહેબ થોરાત, NCP-SP પ્રમુખ જયંત પાઈલ, મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ વર્ષા ગાયકવાડ, UBT શિવસેનાના સાંસદ સંજય રાઉત અને MVAનેતાઓ આ પ્રસંગે હાજર રહેશે..

MVA ચૂંટણી જાહેરનામાનો મુસદ્દો ભૂતપૂર્વ મુખ્ય મંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ, ભૂતપૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ સભ્ય આયોજન પંચ ભાલચંદ્ર મુંગેકર અને NCP-SPના ભૂતપૂર્વ સાંસદ વંદના ચવ્હાણની આગેવાની હેઠળની સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

# JHARKHAND---CAMPAIGNING.RTF

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. નેશનલ ડેમોક્રેટિક અને ઈન્ડિયા એલાયન્સ બંનેના મુખ્ય પ્રચારકો મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે ઝારખંડમાં બે રેલીઓને સંબોધશે અને રોડ શોમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રીની પ્રથમ ચૂંટણી સભા બોકારોમાં ચંદનકિયારી વિધાનસભા ક્ષેત્રના ચાંદીપુર ફૂટબોલ મેદાનમાં બપોરે 1 વાગ્યે યોજાશે, જ્યારે બીજી ચૂંટણી રેલી 3.15 વાગ્યે ગઢવાના એરોડ્રોમ મેદાનમાં થશે. PM સાંજે 5.15 વાગ્યે રાંચીમાં રોડ શો પણ કરશે.  બીજી તરફ JMMના વરિષ્ઠ નેતા હેમંત સોરેન ભવનાથપુર, તામર અને ખિજરી ખાતે શ્રેણીબદ્ધ સભાને સંબોધશે, જ્યારે વરિષ્ઠ RJD નેતા તેજસ્વી યાદવ ચતરાના હંટરગંજમાં લોકોને સંબોધિત કરશે.

# CANADA---VISA.RTF

કેનેડા સરકારે  તેના સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ-SDS વિઝા પ્રોગ્રામને બંધ કરવાની જાહેરાત કરી છે. SDS એ અભ્યાસ માટે પરમિટ મેળવવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે મુખ્ય માર્ગ છે.

સત્તાવાર વેબસાઇટ પર, કેનેડા સરકારે જણાવ્યું હતું કે તમામ દેશોના વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ બંધ કરવામાં આવશે. કેનેડા સરકારના આ પગલાથી ભારતીય વિદ્યાર્થીઓ સહિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અસર થવાની ધારણા છે, એક અનુમાન મુજબ  દેશમાં ચાલી રહેલી આવાસ અને સંસાધનોની અછતને પહોંચી વળવાના પ્રયાસોના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

SDS પ્રોગ્રામ 2018 માં ઇમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. તે 14 દેશોના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પરમિટની અરજીઓને ઝડપી-ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ દેશોમાં બ્રાઝિલ, ચીન, કોલંબિયા, કોસ્ટા રિકા, ભારત, મોરોક્કો, પાકિસ્તાન, પેરુ, ફિલિપાઇન્સ અને વિયેતનામનો સમાવેશ થાય છે. આ પ્રોગ્રામ હેઠળ અરજી પ્રક્રિયા ઝડપી હતી, જેનાથી કેનેડિયન શૈક્ષણિક સંસ્થાઓમાં ઝડપી પ્રવેશનો માર્ગ મોકળો થયો હતો.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# GUNFIGHT-RAMPORA--BARAMULLA.RTF

જમ્મુ અને કાશ્મીરમાં, બારામુલ્લા જિલ્લાના સોપોર શહેરમાં ગઈકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો હતો, જ્યારે બેથી ત્રણ અન્ય આતંકવાદીઓ હજુ પણ ત્યાં ફસાયેલા છે. અધિકારીઓએ જણાવ્યું કે, ગઈકાલે સાંજે સોપોરના રામપોરા વિસ્તારમાં સુરક્ષા દળોઅને આતંકવાદીઓ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો.

મળેલી ગુપ્ત માહિતી મુજબ, સેના, CRPF અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત આતંકવાદ વિરોધી તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આતંકવાદીઓએ આસપાસના દળો પર ગોળીબાર કર્યો હતો. આ અભિયાનમાં અત્યાર સુધીમાં એક આતંકી માર્યો ગયો છે. બેથી ત્રણ આતંકીઓ ફસાયેલા હોવાની માહિતી મળી રહી છે.

# INDIAN-MUSICIANS-GRAMMY-NOMINATION.RTF

પ્રખ્યાત ભારતીય સંગીતકારો રિકી કેજ અને અનુષ્કા શંકરને 67માં ગ્રેમી એવોર્ડ્સ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. ત્રણ વખતના ગ્રેમી વિજેતા રિકી કેજને તેમના આલ્બમ બ્રેક ઓફ ડોન માટે બેસ્ટ ન્યૂ એજ, એમ્બિયન્ટ આલ્બમ કેટેગરીમાં ચોથું સ્થાન મળ્યું.

સિતારવાદક અને સંગીતકાર અનુષ્કા શંકરને તેમના આલ્બમ ચેપ્ટર-2: હાઉ ડાર્ક ઈટ ઈઝ બિફોર ડોન માટે પણ આ જ શ્રેણીમાં નામાંકિત કરવામાં આવ્યા છે. આ સિવાય રાધિકા વેકરિયાને વોરિયર્સ ઓફ લાઈટ માટે નોમિનેશન મળ્યું છે અને આંત્રપ્રિન્યોર અને સંગીતકાર ચંદ્રિકા ટંડનને ત્રિવેણી માટે સમાન કેટેગરીમાં નામાંકન નોમિનેશન મળ્યું છે. ગ્રેમી એવોર્ડ સમારોહ આવતા વર્ષે 2 ફેબ્રુઆરીએ અમેરિકાના લોસ એન્જલસમાં યોજાશે.

# CRICKET--IND-VS-SA.RTF

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચની T-20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે સાંજે ગકેબરહા ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 8.30 વાગ્યે શરૂ થશે. શુક્રવારે રમાયેલી શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકાની ટીમને 61 રને હરાવ્યું હતું.

પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં આઠ વિકેટે 202 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમે માત્ર 141 રન કર્યા હતા. શ્રેણીની ત્રીજી મેચ બુધવારે સેન્ચુરિયનમાં અને ચોથી મેચ શુક્રવારે જોહાનિસબર્ગમાં રમાશે.

# TABLE-TENNIS--LIGNANO.RTF

ઈટાલીમાં વિશ્વ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ભારતની સિન્ડ્રેલા દાસે 15 વર્ષથી ઓછી વય જૂથમાં સિંગલ્સનું  ટાઇટલ જીતી લીધું છે. ઇટાલીના લિગ્નાનો સબિયાડોરોમાં ગઈકાલે રાત્રે ફાઇનલમાં ભારતની દિવ્યાંશી ભૌમિક ત્રીજા સેટ બાદ 2-1થીઆગળ હતી.

જો કે, સિન્ડ્રેલાએ બાકીના બે સેટ જીતીને ટાઇટલ પોતાના નામે કર્યું. અગાઉ સેમિફાઇનલમાં સિન્ડ્રેલાએ અન્ય એક ભારતીય ખેલાડી હંસિની માથનને 3-2થી હાર આપી હતી. જ્યારે દિવ્યાંશીએ દેશની જ રિયાના ભુટાને 3-1થી હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી હતી.

# ASIAN-HOCKEY-TROPHY.RTF

મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી-2024 આવતીકાલથી બિહારના રાજગીરમાં શરૂ થશે. આવતીકાલે સાંજે મુખ્યમંત્રી નીતિશ કુમાર આ આંતરરાષ્ટ્રીય રમતોત્સવનું ઉદ્ઘાટન કરશે, જેમાંભારત સહિત છ ટીમો ભાગ લઈ રહી છે. આ સ્પર્ધા 20 નવેમ્બરે સમાપ્ત થશે.

તમામ મેચો રાજગીરમાં સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં નવનિર્મિત હોકી સ્ટેડિયમમાં રમાશે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ભારત, ચીન, જાપાન, મલેશિયા, થાઈલેન્ડ અને કોરિયાની તમામ ટીમો બોધ ગયા પહોંચી ગઈ છે. આવતીકાલે ઉદ્ઘાટન મેચ જાપાન અને કોરિયા વચ્ચે બપોરે 12.15 કલાકે રમાશે.

# MURUGAN-INTERACATION.RTF

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ, સંસદીય બાબતોના રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને ખાસ કરીને ફિલ્મ નિર્માણ, ડિજિટલ સામગ્રી નિર્માણ અને મીડિયા ટેક્નોલોજીમાં રોકાણને સમર્થન આપતી પહેલ દ્વારા ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસો પર ભાર મૂક્યો છે. મંત્રીએ દેશનું સાંસ્કૃતિક મહત્વ વિશ્વને બતાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

મંત્રીએ કહ્યું કે 55મો ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 2024 અને વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ આગામી વર્ષે 5 થી 9 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. આ પ્રસંગે મીડિયા, ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગના વ્યાવસાયિકોને શ્રીમુરુગન સાથે ક્ષેત્રમાં ચાલી રહેલા પડકારો અને તકોની ચર્ચા કરવાની તક મળી હતી.

# PAK-BLAST.RTF

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં રેલવે સ્ટેશન પર ગઈકાલે થયેલા વિસ્ફોટમાં 25 લોકોના મોત થયા હતા અને લગભગ 50 લોકો ઘાયલ થયા હતા. ક્વેટા સ્ટેશનથી પેશાવર જવા માટે ટ્રેન રવાના થઈ રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો. અલગતાવાદી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી - BLA આઆત્મઘાતી હુમલાની જવાબદારી લીધી છે. BLA એ કહ્યું કે તેનો લક્ષ પાકિસ્તાની સેનાની એક ટુકડીને નિશાન બનાવવાનો હતો, જે ક્વેટાથી તાલીમ પૂરી કરીને પરત ફરી રહી હતી. પોલીસનું કહેવું છે કે મૃતકોમાં 14 સૈનિકો પણ સામેલ છે.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર

# રજૂ કરે છે કરણ મકવાણા...

- રાજ્યના મોટાભાગના અખબારોમાં કેનેડા સરકાર દ્વારા ફાસ્ટ્રેક વીઝા પ્રોગ્રામ બંધ કરવાના સમાચારોને હેડલાઇન તરીકે સ્થાન મળ્યું છે.
- સંદેશ અખબારે લખ્યું છે – કેનેડાએ ફાસ્ટટ્રેક SDS વીઝા સ્કીમ બંધ કરતા ભારતીય વિદ્યાર્થીઓને ફટકો
- પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશને આત્મઘાતી હુમલો – 27ના મોત, 60થી વધુ ઘાયલ – આ સમાચારને સંદેશે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- કેનેડાના પ્રધાનમંત્રીએ દેશમાં ખલિસ્તાનીઓની હાજરી હોવાનું સ્વીકાર્યું – આ સમાચારોને ઘણાં ખરા અખબારોએ પ્રથમપાને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – ઇઝરાયેલ 20 જાન્યુઆરી પહેલા ઇરાનને ખતમ કરે - ટ્રમ્પનું અલ્ટીમેટમ
- મણિપુરમાં બળાત્કાર બાદ મહિલાને સળગાવી – આ સમાચારને ફૂલછાબે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- નવગુજરાત સમાચાર મથાળામાં લખે છે – કેનેડાએ ફાસ્ટટ્રેક વિઝા પ્રોગ્રામ બંધ કરી દેતા ભારતીયોને ફટકો
- દિવ્ય ભાસ્કરે – જેટ એરવેઝ તમામ સંપત્તિ વેચીને પણ માત્ર 6 ટકા દેવું ચૂકવી શકશે – આ સમાચારોને મથાળા તરીકે સ્થાન આપ્યું છે.